# 'બાંધણી', 'વિસર્જન', 'શૂન્યાવકાશ', વિવિધ ભાષાની નવલિકામાં નારીચેતના

ડૉ. રીમા ભાવસાર
*આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી મારુતિ વિદ્યામંદિર ગ્રુપ ઓફ કોલેજીસ*

doi.org/10.64643/IJIRTV12I8-189761-459

માનવી બુદ્ધિના આધારે વિચાર કરી એક યા બીજી રીતે જીવનમાં મોટા ભાગે તુલના તો કરતો જ રહ્યો છે. તુલના કરવાની એની આ વૃતિ અને પ્રવૃત્તિ પાછળ વિચાર, વસ્તુ કે ઘટનાને વ્યવહાર જ્ઞાનની ભૂમિકા એ વધુ વિશદતાથી વધુ વેધકતાથી પામવા-પમાડવાની એની ખેવના કામ કરી રહેલી જોઈ શકાય છે. માનવ મનના વ્યવહારમાં તુલનાત્મક રીતે જુદી-જુદી પરિસ્થિતિને જુદી-જુદી ભાષામાં મુકવાનો પ્રયાસ કર્યો છે,[1] તુલનાત્મક સાહિત્યનું પ્રયોજન સાહિત્યને માનવ મનના એક વિશિષ્ટ કર્યા તરીકે સમજવું તે છે. માનવ મનના કાર્ય તરીકે સાહિત્ય આવે છે ત્યારે દેશ, કાળ, ભાષા ઈત્યાદિના સીમાડાને અતિક્રમી જાય છે. સાહિત્ય પછી તે ગમે તે દેશ, કાળ કે ભાષાનું હોય, તેમાં માનવ મનની જે છબી ઊઠે છે તે સમજવાનો, પારખવાનો પ્રયાસ હોય છે. એટલે કે માણસ માત્રને સમજવાનો વિશ્વમાનવને સમજવાનો, તુલનાત્મક સાહિત્ય પ્રયાસ કરે છે. [૨]

નારીની સંવેદનાને, ભાવનાને અને જીવનને જુદી-જુદી ભાષાની નવલિકાઓના માધ્યમથી નારી ચેતનાને દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. જીવનની વિવિધ પીડાઓને નારી સહજ રીતે સ્વીકારીને પોતાનું જીવન વ્યતિત કરતી હોય છે. દરેક પરિસ્થિતિને વાસ્તવિક જીવન સાથે મૂલવીને જીવી છે. અહીં ગુજરાતી, હિન્દી, મરાઠી ભાષામાં જુદા-જુદા સર્જક દ્વારા નારીચેતાનાને અભિવ્યક્ત કરવામાં આવી છે. નારીના જીવનના મૂલ્યો ને સમય આધારિત દર્શાવ્યા છે. અલગ-અલગ સ્વભાવ ધરાવતી નારીના ત્રણ સ્વરૂપ (રૂપ) દર્શાવ્યા છે. પીડાને ભૂલીને, વાસ્તવિક્તાને સ્વીકારીને, એકલતાને છોડીને આ ત્રણેય ભાવને નવલિકામાં સહજતાથી વર્ણવવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતી ભાષાની બિંદુ ભટ્ટ કૃત 'બાંધણી' નવલિકામાં વ્યક્ત થતી નારીચેતાના જીવનના જુદા-જુદા રંગોને બતાવવાનો પ્રયાસ કર્યો છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિના જીવનમાં વિશિષ્ટ રીતે રંગો ભરી જતાં હોય છે. જિંદગીની વાસ્તવિકતાને બા નાં પાત્ર દ્વારા બતાવવામાં આવી છે. બા ને તેની સાથે કાર્ય કરતા, રહેતા બધા જ લોકોની ચિંતા અને સંભાળ રહે છે. તે પોતાના દુઃખને ભૂલીને બીજાની ખુશીનો હંમેશા ખ્યાલ રાખે છે.

'બાંધણી' વાર્તાનો આરંભ બા દ્વારા સુધાને ચંચળ વિશે પૂછી રહ્યા ત્યાંથી થાય છે . ચંચળ બે વર્ષથી સાથે કામ કરી રહી છે પરંતુ એક પણ રજા પાડી નથી. આ સમયે બીજી તરફ બગીચાનાં કમાન પર જુઇની પીળી પડી ગયેલ વેલનું ચિત્ર ઉપસાવ્યું છે. બા ચંચળ વિશે પૂછપરછ કરે છે અને તેની શોધખોળ કરવા માટે કહેવામાં આવે છે. સુધા બાંધણી પહેરીને નીકળે છે ત્યારે સ્ત્રી સહજ સ્વભાવને દર્શાવ્યો છે. બાંધણી ક્યાંથી લાવ્યા

 ISSN: 2349-6002

થી માંડી ને કેટલાની આવી ત્યાં સુધીની વિગત પ્રાપ્ત કરી લે છે. ચંચળનું સરનામું શોધવા માટે રફીક ની કેબીન પર જાય છે અને ત્યાંથી તેનું સરનામું પ્રાપ્ત કરે છે. ઘરમાં બુજાઈ ગયેલા દીવાને બા સ્વીકારીને ઘરના વાતાવરણ ને પરિવર્તન કરવાનો સતત પ્રયાસ કરે છે. બા એ બતાવેલ બાંધણી થી જે બાબત ભૂલવાની કોશિશ કરી રહ્યા છે એટલામાં જ સંવાદ સંભળાય છે કે, 'છેલ્લા ત્રણ વર્ષથી દિવાળી આવતી નથી લાવવી પડે છે. બે વર્ષ પહેલાં મે બા ને કહેલુંઃ ચાલો દિવાળી કરવા અંબાજી જઈએઃ હતું કે સ્થળ બદલાતાં દિવાળી જીરવવી કંઈક સરળ બનશે, કદાચ જવાબમાં બા કહેઃ ના, ના, દિવાળીના દિવસે આપણું ઘર દીવા વગરનું ! ઉપરવાળાએ ભલે કર્યુંઃ

આવી દુઃખની પોટલી છૂટી પડવાની અણીએ એ તરત ગાંઠ વાળી દે ઢીંચણે હાથ મૂકીને ઊભાં થાય. ચંચળનાં છોકરાને પૈસા આપતા કહે,ઃ જા ને અલ્યા દિલીપ, ઘણા દિવસથી તીખા ગાંઠિયા નથી ખાધાઃ [3]

અહિ સ્ત્રીના મનની વિવિધ સંવેદનાનું ચિત્ર જોઈ શકી છે. 'બાંધણી' જોઇને ચંચળે કહેલા શબ્દો જયારે તેની સાથે ઘટના બને છે ત્યારે સમજાય છે અને બાની હિંમતને સમજી શકે છે. ચંચળનું ચંચળ યુક્ત જીવન એક દમ શાંતિમાં પરિવર્તન થઇ જાય છે ત્યારે ચંચળ પર પણ ઓઢણી નાખે છે અને નવા રંગોમાં જીવવાનું સૂચન કરે છે. બા એ ખભા પર હાથ મૂકી ને આખી પરિસ્થિતિ સમજાવી દે છે, સ્ત્રીના અવનવા રૂપનો સ્પર્શ આ વાર્તા માં કરાવવામાં આવ્યો છે. સમયના ઉતાર ચઢાવ સાથે જીવનમાં આવતા પરિવર્તનો બા ના પાત્ર દ્વારા બતાવવામાં આવ્યું છે. દિવાળીના દિવસે જ ઘરનો દીવો ઓલવાઈ ગયો છતાં બા એ દર સાલ દિવાળી ઉજવવાની પ્રથા ચાલું રાખી. વહુના જીવતરને કાળા ધોળા રંગમાં પૂરી દેવાને બદલે રંગબેરંગી બાંધણી જેવું લહેરાતું રાખ્યું સમય સાથે બદલાતા વિચારો અને સમસ્યાને બદલાવનારી નારીનું ચિત્ર જોવા મળે છે.

ત્યારબાદ હિન્દી ભાષાની સુધા દ્વારા સર્જાયેલી વિસર્જન વાર્તામાં પણ નારીનું કંઈક વિશિષ્ટ પાત્ર ઉપસી આવે છે. આ વાર્તામાં એક શિક્ષિકાના વિદાયનો પ્રસંગ આલેખવામાં આવેલો છે. વિદાય પહેલા એક શિક્ષિકાના કર્તવ્યને સનિષ્ઠ રીતે નિભાવનારી શારદાદીદીની ઓળખ આપવામાં આવી છે. શારદાદીદીનું સન્માન કોઈ પોલિટિકલ સ્ટંટ છે એવું માને છે. ટીચરનું સન્માન કેવું કરવાનું હોય. આ સન્માન તો તો શિક્ષિકાને મળે છે પરંતુ એ શાળાના બાળકો દ્વારા કરવામાં આવે છે. શાળાની સૌથી જૂની છાત્રા અને એ જ છાત્રા શાળામાં શિક્ષિકા તરીકે કાર્યરત છે. શારદાદીદીની શાળામાં રહેલી ભૂમિકા જોઈએ તો જેમ કે, " હેડ મિસ્ટ્રેસ તો અવાચક થઇ ગઈ તે વીસ વરસથી આ શિક્ષણ સંસ્થામાં કામ કરે છે. તે નોકરીએ લાગી ત્યારે શારદાદીદીએ જ તેનું સ્વાગત કર્યું હતું ત્રીસ શિક્ષકોના જૂથ સાથે કામ કરતા તેને બધા જ સાથે કંઈક કંઈક અણબનાવ કે બોલાચાલીના પ્રસંગો થયા હતા પણ શારદાદીદી આ બધી મુશ્કેલીઓ તેના સાત્વિક અને સરળ પ્રયત્નોથી હલ કરી શકી હતી. કોઈપણ ગેરસમજ કે કડવાશને આગળ વધવા જ ન દેવાના તેમના પ્રયત્નથી શાળામાં સુલેહનું વાતાવરણ રહેતું. [૪]

જયારે શાળામાંથી વિદાય શારદાદીદી લઇ રહ્યા છે ત્યારે શાળામાં પીવાના પાણીની ટાંકી નખાવવા માટે ગ્રેચ્યુટીના પૈસામાંથી અડધી રકમ આ શાળાનાં કાર્ય માટે આપે છે. વિદાયના પ્રસંગમાં તેમણે આપેલા દાનની વાત કરવામાં આવે છે. શાળાના પ્રાંગણમાં રંગોળીઓ, ખુરશીઓ, કાગળના ફૂલોનો શણગાર વગેરે જેવી વિવિધ વસ્તુઓથી તૈયારી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા વિદાય ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી. માળા, કપાળે ચંદન લગાડવામાં આવ્યું હતું. શાળાના પરિસરમાં

રૂદનનો માહોલ જન્મીયો હતો. વાતાવરણ પણ ગમગીન બની ગયું હતું એ એવી શિક્ષિકા કે જેના સન્માન માટે અને વિદાયના પ્રસંગ માટે ઘણા બધા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. એવી શિક્ષિકાની વિદાય સમયે શાળામાં શોકનું મોજું ફરી વળે છે. એક આ નારી છે કે જેણે વિદ્યાર્થીઓના જીવનને સવારવાનું કાર્ય કર્યું છે. પરિસ્થિતિ સામે લડત આપી ને વાસ્તવિકતાનો પરિચય કરાવ્યો છે. બદલાતા જતાં સમયની નારીનું ચિત્ર ઉપસી આવે છે. એક શિક્ષિકા તરીકે ફરજ બજાવતી નારીનું જીવંત લાગતું ચિત્ર ઉપસાવી આપ્યું છે.

પ્રસ્તુત ‘શૂન્યાવકાશ’ વાર્તા જયવંત દળવીની મરાઠી ભાષામાં રચાયેલી છે. આ વાર્તામાં નાના અને નાનીની એકલતાને અને નાનીના પોતાના દીકરા માટેના અરમાન અને દીકરાને મળવા માટે ઝંખતી નારીનું ચિત્ર આપ્યું છે. સમયમાં આવતા બદલાવને સહજતાથી બતાવ્યો છે. હાલની વાસ્તવિક સ્થિતિનો પરિચય કરાવી જાય છે. અમેરિકા ભણવા મોકલેલા દિનુને કેટલા સમયથી જોયો નથી અને તેને મળવાની તાલાવેલી દેખાય આવે છે. વિનયને જોઇને તેને દિનુ જ છે તેવું લાગી રહ્યું છે. વિનયને નાના અને નાનીનું વર્તન સમજાતું નથી પરંતુ તે બન્નેનો આદર ભાવ કરે છે. માન અને સન્માન આપે છે. નાના તેની સાથે વાત કરી શકે તે માટે તેને ઘરમાં લાવીને બેસાડે છે. વિનયનો પરિચય લેવાં લાગે છે. ત્યારે ખ્યાલ આવે છે કે આ યુવાન કરંડીકરને શોધી રહ્યો છે. પેઈનગેસ્ટ તરીકે રહેવા માટે તે આવ્યો છે. જાહેરખબરના આધારે જયમંગલ બિલ્ડિંગમાં મળવા માટે જવાનું છે. નાનાએ શરૂ કરેલી પૂછપરછ જોઈએ તો જેમ કે,

“તારું નામ શું છે?” ઘણીવારે નાનાને તેનું નામ પૂછવાનું યાદ આવે છે.

“મારું નામ વિનય ભોલે.”

“તારા મા-બાપ ક્યાં રહે છે?”

“બેલ ગામમાં અમારી ત્યાં કાપડની દુકાન છે.”

“તું શું કરે છે?”

“હું અહીં એન્જિનિયરિંગ કૉલેજમાં ભણું છું છેલ્લા વર્ષમાં”

“વાહ સરસ પછી આગળ શો વિચાર છે? અમેરિકા જવાની ઈચ્છા હશે

ખરું?”

“ના રે ના”

“કેમ ?” નાના આશ્ચર્યથી પુછે છે.

“શા માટે જવું? ત્યાં છે શું?”

“ખૂબ સરસ ખૂબ સરસ” અચાનક નાનામાં નવો શક્તિસંચાર થાય છે.

“મને તારા માટે ગર્વ થાય છે.” નાના ઊભા થઇ તેને થાબડે છે.” (૫)

અહીં નાનાની વિચારસરણી અને તેમના જીવનમાં રહેલો શૂન્યવકાશ દેખાય આવે છે. વિનયના પાત્રમાં દીનુંને શોધવાનો પ્રયાસ થઇ રહ્યો છે. નાનીનો આગ્રહ કરીને ચા પીવડાવી, ભાખરવડી લઈ આવી અને વિનયના પરિવારના સભ્યોનો પરિચય મેળવતી નાની દેખાય છે. નાનીના શબ્દો ઘણીવાર પરિસ્થિતિને ગંભીર કરી આપે તેવા છે. સમયની પીડાને નાની ખૂબ સહન કરી રહ્યા છે એ તેના શબ્દોમાં વ્યક્ત થતો આગ્રહ, અતિ બોલવાની ક્રિયા દ્વારા દેખાય આવે છે. વિનયની બહેનના લગ્ન દીનું સાથે કરાવવા માટે ઉત્સાહ બતાવે છે. વિનયને પોતાના ઘરે જ પેઈનગેસ્ટ તરીકે રાખવા માટે તૈયારી બતાવે છે. તે નિતિનિયમો, સેડિયુલ પુછે છે અને વિનયને અનુકુળ આવે તે સહજતાથી રાખવાનું વિચારે છે. વિનય આખી

પરિસ્થિતિને સમજી શકતો નથી અને આ ઘર નાનુ પડે એમ છે એટલે એ વિચારીને જવાબ આપશે આ કહીને તે ત્યાંથી ચાલ્યો જાય છે અને આખી પરિસ્થિતિ વિશે વિચારતો રહે છે. હવે નાના-નાનીને દીકરાને વિદેશ મોકલવાનો નિર્ણય ખોટો લાગે છે. પસ્તાવો થઇ રહ્યો છે. મારી જવાની વાત નાની કરી રહી હતી તે વિષય પર ચર્ચા કરી રહ્યા છે એટલામાં કાગડાનું કા.કા.કા. સંભળાય છે અને મહેમાન કોઈક આવશે એવો સંકેત પાળે છે;પરંતુ અંત સુધી કાગડાનો કા.કા.કા અવાજ શરૂ જ રહે છે. જીવનની વાસ્તવિક સ્થિતિ અને હાલનું વાતાવરણ બતાવવામાં આવ્યું છે. સમય સાથે મનુષ્યના જીવનમાં આવતા પરિવર્તન ને બતાવ્યું છે. મનુષ્યની એકલતા બાળકને મળવાની ઈચ્છા ખુલ્લા આકાશની ચૂકવવી પડતી કિંમત અહીં બતાવી છે. નાનાની ઝંખના અધુરી જ રહી જાય છે તે ચિત્ર આપ્યું છે. અહીં ત્રીજી નારીનું ચિત્ર ઉપસી આવે છે. એક અજાણ્યા બાળક ને માતાની જેમ જ સવાલો કરતી, વ્હાલ કરતી, તેનાં ભોજનની સંભાળ રાખતી નાની દેખાય રહી છે.

ત્રણેય અલગ અલગ ભાષાની વાર્તામાં સ્ત્રીના અલગ અલગ ચરિત્રો જોવા મળે છે. નારીમાં રહેલી સંવેદના, ભાવનાત્મકતા, જતું કરવાની ભાવના, સમયને બદલવાની અને સમયને સાચવી જાણવાની કથા જુદા-જુદા નારી પાત્રો દ્વારા દેખાય રહ્યું છે. દરેક પરિસ્થિતિને પોતાની સુઝબૂઝ દ્વારા પરિવર્તન કરતી નારી દેખાય આવે છે. વિવિધ ભાષાની વાર્તામાં નારીનું ચિત્ર સંવેદનશીલ,સહજ અને પ્રેમાળ જોવા મળે છે. ભાષા અલગ છે પણ નારીની સંવેદના પરિસ્થિતિ સાથે જોડાએલી રહે છે.

જીવનને જોવાની એક અનોખી બારી નારીચેતાનામાં મળે છે. સમય, પરિસ્થિતિ, માન્યતાઓ વચ્ચે પોતાના જીવનને વ્યતિત કરતી નારીના જુદા-જુદા ચિત્રો પ્રસ્તુત નવલિકામાં જોવા મળે છે. જિંદગીમાં આવતા ઉત્તાર ચઢાવને સ્ત્રીઓ સહજતાથી, સરળતાથી અને સહનશીલતા થી પસાર કરે છે, 'બાંધણી' વાર્તા ગુજરાતી ભાષાની વાર્તા છે. તે બિંદુ ભટ્ટ દ્વારા રચવામાં આવી છે. દિવાળીના દિવસે જ ઘરનો દીવો ઓલવાઈ ગયો છતાં બા એ દર સાલ દિવાળી ઉજવવાની પ્રથા ચાલુ રાખી અને વહુના જીવનને રંગબે રંગી બાંધણી જેવું વ્યતિત થાય તેવા પ્રયાસ કરતા બા દેખાય છે. જીવનના માન્યતા અને રિતી રિવાજ વાળા રંગો માંથી બહાર આવીને વાસ્તિવક જીવનને સ્વીકારતી નારીઓ દેખાય છે. 'વિસર્જન' વાર્તા સુધા દ્વારા હિન્દી ભાષામાં રચાય છે. એક શિક્ષિકાના વિદાયના પ્રસંગને આલેખ્યો છે. શાળામાં કરેલું એક શિક્ષિકાનું સમર્પણ અને કાર્યમાં સનિષ્ઠતા ધરાવતી નારી તરીકે શારદાદીદી ઓળખ પામે છે. અહીં પણ નારી સમસ્યાનું વિસર્જન કરી નવી દુનિયાને સર્જવાનું કામ કરી રહી છે. તો 'શૂન્યાવકાશ' વાર્તા જયવંત દળવી એ મરાઠી ભાષામાં નવલિકા રચી આપી છે. આ વાર્તામાં સ્ત્રીની એકલતાનું ચિત્ર આપવામાં આવ્યું છે. સંતાનને સારા અભ્યાસ માટે બહાર મોકલ્યા પછી બીજાના સંતાનો માં પોતાના પુત્રને જોવાની ઈચ્છા બતાવવામાં આવી છે. અહીં ત્રણેય વાર્તા અલગ-અલગ ભાષાની અને અલગ-અલગ સમસ્યાથી ઘેરાયેલી સ્ત્રીનું ચિત્ર આપવામાં આવ્યું છે. સંવેદાત્મક અને રસ સભર નારી ચેતનાને બતાવવામાં આવી છે.

### સંદર્ભ

[1] સાહિત્યની અવધારણા – સં.પ્રિ.ડૉ.એસ.ડી.મોરી., પૃષ્ઠ- 16
[2] એજન ,
પૃષ્ઠ- 18
[3] નારી ચેતનાની નવલિકાઓ – સં. રઘુવીર ચૌધરી,સુનીતા ચૌધરી, પૃષ્ઠ- 227
[4] મુક્તિ – નિરુપમા શેઠ , પૃષ્ઠ- 13
[5] એજન પૃષ્ઠ- 50,51